**RAJKOT ENGINEERING ASSOCIATION**
Bhaktinagar Industrial Estate, Rajkot - 360 002. (India)
Ph. : 0281 2362235 - 36 - 37 ▪ Fax : 0281 2374219
E-mail : rea_ad1@sancharnet.in ▪ info@reaindia.com ▪ Website : www.reaindia.com

# નવા સભ્યપદ તથા અરજીનું ફોર્મ ભરવા માટે જરૂરી માર્ગદર્શક સુચનાઓ

(૧) **રેગ્યુલર મેમ્બર :**
રાજકોટ શહેરની ૫૦ કી. મી. ની મર્યાદામાં આવેલ કોઈપણ એન્જીનીયરીંગ ઉત્પાદન કે જોબવર્ક કરતું લઘુ ઉદ્યોગ પ્રમાણપત્ર અને શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ કે ફેક્ટરી ઈન્સ્પેક્ટરનું પ્રમાણપત્ર ધરાવતું એકમ એસોસીએશનના બંધારણને આધિન રહેવાની શરતે નિયમિત સભ્ય થઈ શકશે. અરજીફોર્મની દરેક આઈટમ પુરેપુરી ભરવાની રહેશે. અધુરૂં ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

(૨) **એસોસીએટ (સહાયક) મેમ્બર :**
એસોસીએશનના બંધારણીય જોગવાઈ મુજબ, રેગ્યુલર મેમ્બર થઈ ન શકે તેવી કોઈપણ વ્યકિત, વેપારી, સંસ્થા, ઉદ્યોગ અન્ય ઉદ્યોગના એસોસીએશન કે જેને એસોસીએશનના માર્ગદર્શનની જરૂર હોય તેમજ બોર્ડ દ્વારા જેની આવા એસોસીએટ સભ્યપદ માટેની અરજી માન્ય કરવામાં આવી હોય, તેઓ માત્ર એસોસીએટ (સહાયક) મેમ્બર થઈ શકશે અને **તેઓએ સાથેના નમૂના મુજબનો બાંહેધરી પત્ર, પોતાના લેટરપેડ ઉપર આપવાનો રહેશે.**

(૩) સભ્યપદનું વર્ષ તા.૧ એપ્રીલથી બીજા વર્ષના માર્ચની ૩૧ મી તારીખ સુધીનું ગણાય છે. જે થી છેલ્લા મહિનામાં સભ્ય થનારને પણ, ૧ લી એપ્રીલે બીજા વર્ષ માટે લવાજમ ભરવા બાબતનો સ્મૃતિપત્ર મોકલવામાં આવશે.

(૪) દરેક સભ્યોએ લવાજમની રકમ નીચે મુજબ ભરવાની રહેશે. આ દર ફેરફારને પાત્ર છે અને તમામ સભ્યોને બંધનકર્તા રહેશે.

| SR. NO. | CATEGORY | ENTRANCE FEE | SUBCRIPTION FEE | GST 18% | GROSS TOTAL |
|---|---|---|---|---|---|
| 1 | Proprietary | 500 | 1000 | 270 | 1770 |
| 2 | Partnership / LLP | 1000 | 2000 | 540 | 3540 |
| 3 | Private Limited | 2000 | 4000 | 1080 | 7080 |
| 4 | Limited | 2500 | 5000 | 1350 | 8850 |
| 5 | Other | 1250 | 2500 | 675 | 4425 |
| 6 | Associate | 1500 | 3000 | 810 | 5310 |

(૫) નવું સભ્યપદ મેળવવા તથા સભ્યપદ રીન્યુ કરાવવા માટે ફોર્મમાં દર્શાવેલ, સેલ્સટેક્સ રજીસ્ટ્રેશન, લઘુ ઉદ્યોગ પ્રમાણપત્રની નકલ, ભાગીદારી ખત, ડાયરેક્ટર્સ મેમોરેન્ડમ વિગેરેની નકલ આપવાની રહેશે. આવી નકલો રજુ ન કરી શકનાર એકમની નવા સભ્યપદની / રીન્યુઅલની માગણી નામંજુર થવાને પાત્ર રહેશે.

૨......

(૬) બંધારણની કલમ ૧૭(૧) મુજબ, સદ્સ્ય એકમ એ પોતાના અધિકૃત પ્રતિનિધિની નિમણુંક કરવાની રહેશે. આ નિમણુંક નીચેની કોઈ એક રીતે થઈ શકશે.

(ક) વ્યકિતગત માલિકીની પેઢી : માલિક પોતે અગર તેના કુલ મુખત્યાર કોઈ એક જ વ્યકિતને અધિકૃત પ્રતિનિધિ તરીકે નીમી શકશે.

(ખ) ભાગીદારી પેઢી : પેઢીના ભાગીદારો પૈકી, વધારેમાં વધારે બે ભાગીદારોને અધિકૃત પ્રતિનિધિ તરીકે નીમી શકાશે, જેનો પત્ર મેનેજીંગ પાર્ટનર / સર્વે પાર્ટનરની સહીથી રજુ કરવાનો રહેશે.

(ગ) પ્રાઈવેટ લીમીટેડ અને લીમીટેડ પેઢી : નિયામક મંડળમાંના નિયામકો કે કુલ મુખત્યારી ધરાવતા વ્યવસ્થાપક સહિત કુલ બેની મર્યાદામાં અધિકૃત પ્રતિનિધિ નીમી શકશે. આ નિમણુંકનો ઠરાવ મેનેજીંગ ડાયરેકટરની સહીથી અત્રે રજુ કરવાનો રહેશે.

(૭) ઉપર મુજબની પુરેપુરી વિગતો, પત્ર વ્યવહારના સરનામા સાથે તેમજ ઘરના સરનામા, ફોન નંબર વિગેરેની વિગત અને સાથે આપવાના દસ્તાવેજ સાથેનું અરજીનું ફોર્મ મળ્યે જરૂરત હશે તો એસોસીએશનના પ્રતિનિધિ, એકમની મુલાકાત લઈ, વિગત તપાસી, ત્યાર બાદ અરજી, મેમ્બરશીપ કમિટીની મીટીંગમાં કરશે જે મંજુર થયે જરૂરી ફી સ્વીકારાશે.

---

એકમ / સંસ્થાના લેટર હેડ ઉપર ( માત્ર એસોસીએટ મેમ્બર માટે )

- : ન મૂ નો : -

પ્રતિ,
ચેરમેનશ્રી
મેમ્બરશીપ કમિટી,
રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન
રા જ કો ટ

## બાંહેધરી પત્ર

અમોએ રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશનના એસોસીએટેડ સભ્યપદ માટે માગણી મુકેલ છે. આ સભ્યપદ મેળવવા માટે અમો આથી નીચે મુજબ બાંહેધરી આપીએ છીએ.

૧ અમારા એકમના કોઈપણ પ્રતિનિધિને, આ સભ્યપદની રૂએ, એસોસીએશનના બોર્ડની ચુંટણીમાં ઉભા રહેવાનો કે મત આપવાનો અધિકાર મળશે નહીં અને માગીશું નહીં.

૨ કાચો માલ, એસોસીએશન ફાળવી શકશે તો જ મળી શકશે. આ ફાળવણી એસોસીએશનની મુન્સફી પર આધારીત રહેશે, તે બાબત અમો સંમત છીએ.

તા.
રાજકોટ.

( માગણીદારના અધિકૃત પ્રતિનિધિની
સહી તથા સિક્કો )